—: શરતો :—

૧) જાહેરાતના કિઓસ્ક બોર્ડનો સમયગાળો વર્ક ઓર્ડર મળ્યા પછીની તારીખથી ત્રણ વર્ષ માટેનો રહેશે.

૨) કિઓસ્ક બોર્ડના વાર્ષિક ભાવ રૂા.૨.૧૯,૧૨૦,/—અંકે બે લાખ ઓગણીસ હજાર એક સો વીસ રૂપિયા પુરા કારોબારી સમિતિના ઠરાવનં.૧૩૪ તા.૦૬.૦૮.૧૫ વાળા થી મંજુર થયેલ છે.

૩) કિઓસ્ક દરેક સ્થળે વીજ પોલ પર બે બાજુ લગાડવાના છે.એટલે કે એક થાંભલામાં આગળ—પાછળ બે કિઓસ્ક લાગશે.ટેન્ડરમાં કુલ્લ પોલ નંગ.૯૧૩ લગાડવામાં આવશે.વીજપોલ દીઠ બે કિઓસ્ક બોર્ડ લગાડી શકાશે.

૪) જાહેરાત ના કિઓસ્ક બોર્ડ ટ્રાફિક કે જાહેર જનતાને અડચણ રૂપ ન થાય તે રીતે અમોએ લગાડવાના રહેશે.તેમ છતાં કોઈ કિસ્સામાં આવા બોર્ડ નડતર રૂપ જણાશે તો પ્રથમ નગરપાલિકા અમોને જાણ કરશે.છતાં પણ બોર્ડ તમારા તરફથી દૂર કરવામાં ન આવે તો નગરપાલિકા પોતાના ખર્ચે દૂર કરાવશે અને થયેલ ખર્ચ અમારી પાસેથી વસુલ કરી શકશે.

૫) નગરપાલિકા ધ્વારા મંજુર થયેલ નિયત સ્થળમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી.

૬) નગરપાલિકા ધ્વારા મંજુર કરેલ રોડ ના ડિવાઈડરમાં લગાડેલ જાહેરાતના બોર્ડની જાળવણી/નિભાવણી બોર્ડ લગાવનાર પેઢી કે સંસ્થાની રહેશે.

૭) મંજુર કરેલ બોર્ડ અધ્ધવચ્ચેથી ઉતારી લેવામાં આવે કે અન્ય કારણોસર રદ કરવામાં આવશે તો ભરેલ ભાડાની રકમ પરત મળશે નહી.

૮) સ્ટ્રીટલાઈટ (રોડ ડિવાઈડર પોલ) પર કિઓસ્ક બોર્ડની સાઈઝ <u>૪ × ૩</u> લગાડવા દેવામાં આવશે.બોર્ડ લગાડતા પહેલા નમુનો નગરપાલિકા પાસે અપ્રુવ કરાવવાનો રહેશે.

૯) નગરપાલિકાએ નિયત કરેલ સાઈઝના બોર્ડ લગાડવા અંગેની ગાઈડ લાઈન મુજબ જ લગાડવાના રહેશે.જેમ કે ડિવાઈડર પ્લેટ ફોર્મથી ૧૨ ફુટ ઉંચા ટ્રાફિકની અવર જવર પ્રમાણે બોર્ડનું ડાયરેકશન બોર્ડની ફ્રેમ એક સરખી એન્ગલ પટ્ટી પ્રમાણે લગાડવાના રહેશે.

૧૦) કિઓસ્ક બોર્ડની જાળવણી અને નિભાવણી જે તે સંસ્થા કે પેઢીની રહેશે.કુદરતી આફતો કે અકસ્માતના કારણે બોર્ડને નુકશાન થાય કે બોર્ડ આડા—અવળા થાય તો દિવસ ચારમાં સ્થિતીમાં પેઢી કે સંસ્થા ધ્વારા નહી કરવામાં આવે તો નગરપાલિકા ધ્વારા નગરપાલિકા ધ્વારા મુળ સ્થિતીમાં કરવામાં આવશે અને બોર્ડદિઠ ઓછામાં ઓછા રૂા ૫૦૦/-- (પાંચસો પૂરા) ચાર્જ લેવામાં આવશે તેથી વધારે જો ખર્ચ થાય તો પેઢી કે સંસ્થા ખરેખર થયેલ ખર્ચ ભરવા જવાબદાર રહેશે.

૧૧) નગરપાલિકાએ જે સંસ્થા/પેઢીના બોર્ડ મંજુર કરેલ હશે તે સંસ્થા કે પેઢી અન્ય કોઈ પણ પાર્ટીને ભાડે કે પેટા ભાડે આપી શકાશે નહી અને તેમ છતાં આપવામાં આવેલ છે તેવું માલુમ પડશે તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.